ક્રમાંકઃજિશિઅ/જીપીએફ/પરિપત્ર/૨૦૨૪/૫૫૨૭૨, ૫૫૬

**પરિપત્ર**

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
અમદાવવાદ (શહેરી વિસ્તાર),
બ્લોકઃ એ/બી, પ્રથમ માળ, બહુમાળી ભવન,
વસ્ત્રાપુર, અમદાવાદ– ૩૮૦૦૫૨.
તારીખઃ ૦૭/૦૨/૨૦૨૪.

**પ્રતિ,**
આચાર્યશ્રી,
બિન સરકારી અનુદાનિત,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, તમામ.,
અધ્યાપન મંદિર, તમામ., ફાઇન આર્ટસ કોલેજ, તમામ.,
સંસ્કૃત પાઠશાળા, તમામ., પ્રાથમિક શાળાઓ, તમામ., અમદાવાદ શહેરી વિસ્તાર.

**વિષયઃ**– જી.પી.એફ. ફાળાની કપાત બંધ કરવા બાબત.

**સંદર્ભઃ**– ૧) હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગુ.રા., ગાંધીનગરના પત્ર નત્ર.હિતિનિ/બીલ/જીપીફંડ/વ્યાજ/૧૫૧૬, તા.૧૦/૯/૨૦૦૩.
૨) નાણા વિભાગના પરિપત્ર ક્રમાકઃ પીએફઆર/૧૦/૨૦૦૯/અજી/૩૯/ચ, તા.૩૦/૩/૨૦૧૦.

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સંદર્ભ– ૧ અને ૨ દર્શીત સરકારશ્રીના પરિપત્રથી વયનિવૃત થતા કર્મચારીના નિવૃતિના અગાઉના ત્રણ માસ પહેલા સામાન્ય ભવિષ્યનિધિ(જી.પી.એફ.)ના ફાળાની કપાત ફરજીયાત પણે બંધ કરાવવાની સુચના આપવામાં આવેલ છે.

અત્રેની કચેરી દ્વારા આ બાબતે અનેક વાર સુચના આપવામાં આવેલ છે. તેમ છતા શાળા દ્વારા વયનિવૃત થતા કર્મચારીના નિવૃતિ(જન્મ તારીખ મુજબ નિવૃતિના માસ)ના અગાઉના ત્રણ માસ પહેલા સામાન્ય ભવિષ્યનિધિ(જી.પી.એફ.)ના ફાળાની કપાત બંધ કરવામાં આવતી નથી. જે યોગ્ય નથી.

આથી વયનિવૃત થતા કર્મચારીના નિવૃતિના અગાઉના ત્રણ માસ પહેલા સામાન્ય ભવિષ્યનિધિ (જી.પી.એફ.)ના ફાળાની કપાત ફરજીયાત પણે બંધ કરવા જણાવવામાં આવે છે. આ અંગેની જવાબદારી સંબંધિત આચાર્યશ્રીની રહેશે.

**જિલ્લા શિક્ષણાધિકારી**
**અમદાવાદ શહેર વિસ્તાર**
**અમદાવાદ**

## નિવૃત્ત થતા કર્મચારીની ફરજીયાત જી.પી.એફ. અને સી.પી.એફ. કપાત બંધ કરવાના માસની વિગત દર્શાતું પત્રક

| ક્રમ | જન્મ તારીખ નો માસ | સત્રાંત નિવૃત્તીની નો માસ | ફરજીયાત જી.પી.એફ. અને સી.પી.એફ.કપાત બંધ કરવાનો માસ | સ્વૈચ્છિક જી.પી.એફ.અને સી.પી.એફ. કપાત બંધ કરવાનો માસ |
|---|---|---|---|---|
| ૧ | નવેમ્બર | મે | ઓગષ્ટ | જુન |
| ૨ | ડિસેમ્બર | મે | સપ્ટેમ્બર | જુલાઇ |
| ૩ | જાન્યુઆરી | મે | ઓકટોબર | ઓગષ્ટ |
| ૪ | ફેબ્રુઆરી | મે | નવેમ્બર | સપ્ટેમ્બર |
| ૫ | માર્ચ | મે | ડિસેમ્બર | ઓકટોબર |
| ૬ | એપ્રિલ | મે | જાન્યુઆરી | નવેમ્બર |
| ૭ | મે | મે | ફેબ્રુઆરી | ડિસેમ્બર |
| ૮ | જુન | ઓકટોબર | માર્ચ | જાન્યુઆરી |
| ૯ | જુલાઇ | ઓકટોબર | એપ્રિલ | ફેબ્રુઆરી |
| ૧૦ | ઓગષ્ટ | ઓકટોબર | મે | માર્ચ |
| ૧૧ | સપ્ટેમ્બર | ઓકટોબર | જુન | એપ્રિલ |
| ૧૨ | ઓકટોબર | ઓકટોબર | જુલાઇ | મે |

CamScanner